જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦     ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૦૩/૨૦૧૭ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-    સમાચાર યાદી નં.૫૩૯/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૬ કેસ કરી, ૪૪ વ્યક્તિઓને ઝડપી, ૬૩ લીટર દેશી દારૂ અને ૭૩ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૫ કેસ કરી ૨૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૮,૬૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-    સમાચાર યાદી નં.૫૪૦/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૯૩ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડ :-    સમાચાર યાદી નં.૫૪૧/૧૭

**વટવાઃ** અરવિંદભાઇ ઇશ્વરભાઇ પટેલ (રહે. ગુલાબપાર્ક સોસાયટી ગુલાબ ટાવરની બાજુમા થલતેજ) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૩/૧૭ સાજના ૬/૩૦ થી તા.૧૫/૩/૧૭ કલાક ૯/૦૦ વાગ્યા દરમ્યાન નારોલ ૪/૫ વટવા નાથાલાલ એસ્ટેટ મોની હોટલ પાછળ બુધાલાલ તમાકુની બાજુમાં નારોલ ખાતે ક્રિષ્ના પેપર ટ્રેડીંગ કંપનીના શટરની નીચેના ભાગમાં દીવાલ તોડી અજાણી વ્યક્તિ કંપનીમાં પ્રવેશ કરી ટેબલના ડ્રોવરમાંથી રોકડ રૂપિયા ૪૫,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એસ.પટેલ ચલાવે છે.

## વાહન અકસ્માતમાં મૃત્યુઃ-    સમાચાર યાદી નં.૫૪૨/૧૭

**જે ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** ભારતીબહેન ભોગીલાલ વાઢેર (રહે.મર્લીન સ્પર્શ શ્રીરામ રેસીડન્સીની બાજુમાં નારોલ) અને ભારતીબહેનનો પૌત્ર સૌમ્ય આશિષભાઈ વાઢેર (ઉ.વ.૭) તા.૧૫/૩/૧૭ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે નારોલ અસલાલી હાઈવે કલાપી હોટલની બાજુમાંથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે ટ્રક નંબંર જીજે ૭ વાયવાય ૯૬૫૫ ના ચાલકે ટ્રક પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ટક્કર મારતા ભારતીબહેનના પૌત્ર સૌમ્યને ગંભીર ઈજાઓ થતા તેનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ ભારતીબહેન વાઢેરે જે ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.વી.જાડેજા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

<u>આત્મહત્યાઃ-</u> <u>સમાચાર યાદી નં.૫૪૩/૧૭</u>

**રિવરફ્ન્ટ ઇસ્ટઃ** નાગેશ્વર બનારશીભાઇ સક્શેના (ઉ.વ.૨૨)(રહે.મહાવીરનગર પરીમલ સ્કુલ પાસે બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૧૫/૩/૧૭ કલાક ૮/૦૦ વાગ્યા પહેલા ઇન્દિરાબ્રીજ નીચે સાબરમતી નદીમાં પડી પાણીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્ન્ટ ઇસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમણભાઇ ગણપતભાઇ ચલાવે છે.

**રિવરફ્ન્ટ વેસ્ટઃ** કામીલ અમીરભાઇ પંજવણી (ઉ.વ.૨૪)(રહે,હાજરા ફ્લેટની સામે અર્જલ કોમ્પ્લેક્ષ સામે, જુહાપુરા) એ અગમ્ય કારણસર તા.૧૫/૩/૧૭ બપોરના ૩/૪૦ વાગ્યા પહેલા સાબરમતી નદીના પશ્ચીમ કિનારે આંબેડકર બ્રીજ નીચે વોક–વે પાસે, નદીમાં પડી પાણીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્ન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી વિનાયક લક્ષ્મણ ચલાવે છે.

**વેજલપુરઃ** જયનાબહેન વા/ઓ વિશાલકુમાર શાહ (ઉ.વ.૩૦)(રહે,સહજ સોલીટેર ફ્લેટ, વૈશાલી ટાઉનશીપ સામે ગુપ્તાનગર વાસણા) એ પોતાની સાસુ સાથે રસોઈ બનાવવા બાબતે બોલા-ચાલી થતા મનમાં લાગી આવતા તા.૧૫/૩/૧૭ કલાક ૧૦/૨૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનિશ પોલીસ કમિશનરશ્રી "એમ" ડીવીજન ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)